# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-12-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM GANDHINAGAR NIMNUK PATRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ત્રણ વર્ષમાં 10 હજારથી વધુ આંગણવાડી કેન્દ્ર અને નંદઘરનું નિર્માણ કરવાની  આજે જાહેરાત કરી. ગાંધીનગરમાં નવ હજાર જેટલા નવનિયુક્ત આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂંકપત્ર એનાયત કર્યાં બાદ કાર્યક્રમને સંબોધતા તેમણે આ વાત કહી. શ્રી પટેલે રાજ્યના બાળકોના પોષણ અને ઘડતરમાં આંગણવાડી કાર્યકરોના યોગદાનને પણ બિરદાવ્યું.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

. . . . . . . . . . . . .

# CM KACHCHH RANN UTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ   કચ્છના સફેદ રણમાં ધોરડો ખાતે ચાલી રહેલા રણોત્સવનો વિધિવત્ પ્રારંભ કરાવશે. તેઓ પૂનમની ચાંદનીમાં સફેદ રણને નીહાળવાની સાથે  સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે    , ગત 23 નવેમ્બરથી ખૂલ્લો મૂકાયેલા રણોત્સવમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ભાગ લઈ રહ્યા છે. ગુજરાત પ્રવાસન વિભાગ, જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા પ્રવાસીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# BIRTH CERTIFICATE MAPPING

પ્રાઈમ મિનિસ્ટર્સ ફૅમિલી કૅર ટ્રે કિંગ પ્રૉજેક્ટ અંતર્ગત આંતર-જોડાણ વિગત તૈયાર કરવા અમદાવાદ અને ગાંધીનગરમાં પાઈલટ પ્રૉજેક્ટ હાથ ધરાશે. તે અંતર્ગત શાળામાં ભણતા બાળવાટિકાથી લઈ ધોરણ 12 સુધીના તમામ બાળકોને જન્મના પ્રમાણપત્રની વિગત સાથે મૅપિંગની કામગીરી કરવા સૂચના અપાઈ છે. તેના આધારે બાળકોના આરોગ્ય અને કાર્યક્રમોનું સંચાલન કરાશે.

ગૃહ મંત્રાલયના નિયંત્રણ હેઠળના આ પ્રૉજેક્ટ માટેની કામગીરી આગામી 20 ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થાય તે અંગે સૂચના અપાઈ હોવાનું ગુજરાત શાળા શિક્ષણ પરિષદની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# AMRELI SIR CAMPAIGN

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝૂંબેશ હેઠળ ગણતરીપત્રકોનું ડિજિટાઈઝેશન પૂરજોશમાં ચાલી રહ્યું છે. અમરેલીમાં પણ બૂથ સ્તરના અધિકારી – BLO દ્વારા અત્યાર સુધીમાં આઠ લાખથી વધુ ગણતરીપત્રક પરત મેળવીને તેનું ડિજિટાઈઝેશન કરાયું છે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારી વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું.

(BYTE: VIKALP BHARDWAJ, COLLECTOR, AMRELI)

. . . . . . . . . . . . .

# DAKOR POONAM

માગશર સુદ પૂનમ નિમિત્તે આજે ખેડાના સુપ્રસિદ્ધ ડાકોર રણછોડરાયજી મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. સવારે મંગળા આરતીમાં જય રણછોડના નાદ સાથે સમગ્ર મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું હતું. બજારોમાં પણ ભારે ભીડ જોવા જામી હતી. આજે પૂનમ નિમિત્તે સમગ્ર દિવસ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ રાજાધિરાજના દરબારમાં દર્શનનો લાભ લેશે.

. . . . . . . . . . . . .

# BHARUCH AIR SHOW

ભરૂચમાં છ અને સાત ડિસેમ્બરે એર શૉ યોજાશે. જિલ્લા વહીવટી તંત્ર જિલ્લા વ્યવસ્થાપન સંગઠન, ભરૂચ સિટીઝન કાઉન્સિલ ટ્રસ્ટ તથા વાયુસેનાના સંયુક્ત ઉપક્રમે સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમ દ્વારા આ એર શૉનું આયોજન કરાયું છે. એર શૉ પહેલા સતત ત્રણ દિવસ સુધી ટીમ દ્વારા તાલીમ સાથે અભ્યાસ પણ કરાયો. આ અંગે સારંગ હૅલિકૉપ્ટર ડિસ્પ્લે ટીમના વિન્ગ કમાન્ડર આદર્શ ઠાકુરે વધુ માહિતી આપી.

(BYTE: ADARSH THAKUR, WING COMMANDER)

. . . . . . . . . . . . .

# GIR SOMNATH 108 AMBULANCE

ગીરસોમનાથમાં 108 એમ્બુલેન્સના કર્મચારીએ દર્દીનો છ લાખ રૂપિયાથી વધુનો સામાન પરત કરીને પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું. અમારા પ્રતિનિધિ જણાવે છે, ગત રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ સોમનાથના ઉનાના શિલોજ ગામ પાસે અકસ્માતનો 108-ને કૉલ મળ્યો હતો. ત્યારબાદ 108 એમ્બુલેન્સની ટીમે ઘટનાસ્થળે પહોંચી દર્દીને હૉસ્પિટલ ખસેડ્યો હતો.

દર્દીના સામાનની તપાસ કરતાં તેમાંથી સોના ચાંદીના દાગીના , મોબાઈલ સહિત કુલ છ લાખ રૂપિયાથી વધુનો સામાન મળતાં 108-ના કર્મચારીઓએ દર્દીઓને સામાન પરત કર્યો હતો.

. . . . . . . . . . . . .